

# માઇક્રોફાઇનાન્સ પલ્સ

વોલ્યૂમ X - નવેમ્બર ૨૦૨૧

EQUIFAX Powering the World with knowledge ™

# વિશ્લેષણાત્મક સંપર્ક


**ઇક્વીફેક્સ**

કિરણ સમુદ્રાલા
વીપી -વિશ્લેષક
kiran.samudrala@equifax.com

શ્રુતિ જોષી
એવીપી - વિશ્લેષક
shruti.joshi@equifax.com

વંદના પંચાલ
વરિષ્ઠ કારોબારી વિશ્લેષક
vandana.panchal@equifax.com

**સીડબી**

ચંદ્રશેખર થાનવી
સીજીએમ - એમપીઆઈવી - ઇરડા
erdav@sidbi.in

રંગદાસ પ્રભાવતી
ડીજીએમ - એમપીઆઈવી - ઇરડા
erdav@sidbi.in

રમેશ કુમાર
પ્રબંધક- એમપીઆઈવી - ઇરડા
rameshk@sidbi.in

## અનુક્રમણિકા


| | |
|---|---|
| કારોબારી સારાંશ | 03 |
| સંક્ષેપાક્ષરો અને શબ્દાવલી | 04 |
| માઇક્રોફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીની ઝાંખી | 05 |
| વિતરણ ના વલણો | 08 |
| ઇન્ડસ્ટ્રીના જોખમની રૂપરેખા | 12 |
| ભૌગોલિક સંપર્ક સૂત્ર | 14 |
| ઉધાર લેનારાઓની વહેંચણી | 17 |
| રાજ્યનો વ્યાપક પ્રોફાઈલ : ઓડિશા | 20 |
| મહત્વાકાંક્ષી જિલ્લાઓ | 25 |

૧૯૯૦ ના શરૂઆતના દશકમાં માઇક્રોફાઇનાન્સ કારભારે પ્રાધાન્ય મેળવ્યું હતું અને તેનું સાક્ષી છેલ્લા અમુક વર્ષોનું અસાધારણ વિકાસ છે. એમએફઆઈ પલ્સની ૧૦મી આવૃત્તિમાં 30 જૂન ૨૦૨૧ ના રોજ સુધી મળેલ માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીના  આંકડાઓ  પર આધારિત વિકાસને વર્ણવવામાં આવ્યો છે.

30 જૂન ૨૦૨૧ ના રોજ માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીના પોર્ટફોલિયોના બાકી લેણાં રૂ. ૨૨૨,૦૬૦ કરોડના સ્તરે હતા  જેમાં બેંકો અને એનબીએફસી- એમએફઆઈઝ નો હિસ્સો ૭૫% કરતા વધારે હતો. માર્ચ ૨૦૨૧ ની સામે જૂન ૨૦૨૧ માં બાકી લેણાંના પોર્ટફોલિયોમાં ૧૧% નો ઘટાડો  નોંધવામાં આવ્યો હતો. જૂન ૨૦૨૦ થી જૂન ૨૦૨૧ ની વર્ષાન્તરે સરખામણી કરતા નફો ન રળતી એમએફ આઈઝ વડે ૧૧% વિકાસ નોંધવામાં આવ્યો હતો તે પછીના ક્રમે  જૂન ૨૦૨૦ થી જૂન ૨૦૨૧ ના સમય  ગાળા દરમ્યાન બેન્કોએ ૪% વિકાસ હાંસલ કર્યો હતો.

એએમજે ૨૧ ના સમય ગાળામાં વિતરણની કામગીરી પર મહામારીની બીજી લહેરની અસર પડી હતી, જો કે આ અસર એએમજે ૨૦ જેટલી ગંભીર ન હતી. માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીએ રૂ ૨૫,૮૦૮  કરોડની લોનો  વિતરણ કરી હતી જે વર્ષાન્તરે 300% નો વિકાસ દર્શાવે છે અને રકમ પ્રમાણે ૨૦૯% અને વર્ષાન્તરે સરખામણી કરતા એએમજે ૨૦ ની સામે એએમજે ૨૧ માં  વોલ્યુમમાં  ૨૦૯%  નો વધારો નોંધાવે છે.

માર્ચ ૨૦૨૧ ની સરખામણીમાં જૂન ૨૦૨૧ માં ૧-૧૭૯ દિવસના દેણદારોની અશિષ્ટતા ૧૩.૯% થી વધીને ૩૧.૪૪% થઇ છે.  30 + અને ૯૦+ ના કિસ્સામાં એનબીએફસી - એમએફઆઈઝ , એનબીએફસી અને નફો ન રળતી માઈક્રો ફાઇનાન્સ સંસ્થાઓની અશિષ્ટતા ઇન્ડસ્ટ્રીની અશિષ્ટતા કરતા ઓછી છે.

30 જૂન ૨૦૨૧ ના રોજે પશ્ચિમ બંગાળ,  તામિલનાડુ, બિહાર, કર્ણાટક અને ઉત્તરપ્રદેશ આ પાંચ રાજ્યો ટોચના ક્રમે છે.  રૂ ૩૧,૦૨૪ કરોડની  દેવાદારી સાથે  પશ્ચિમ બંગાળ આગળ પડતું રાજ્ય છે અને ૯૦+ ની અશિષ્ટતા માં પશ્ચિમ બંગાળ ૫.૧૫% સાથે ઇન્ડસ્ટ્રીની અશિષ્ટતા કરતા ઉચ્ચ સ્થાન ભોગવે છે.

આ રિપોર્ટ ઓડિશા રાજ્યનો વ્યાપક પ્રોફાઈલ રજુ કરે છે. 30 જૂન ૨૦૨૧ ના રોજે  ઓડિશા રાજ્યના બાકી દેવા રૂ ૧૩,૦૯૬ કરોડ હતા  પોર્ટફોલિયોના બાકી દેવામાં બઝારનો હિસ્સો ૮૫% હતો જે બેંક્સ અને એનબીએફસી - એમએફઆઈઝ નો હતો. એએમજે ૨૧ માં ઓડિશા રાજ્યને રૂ ૨,૧૨૭ કરોડનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં બેંકોની હિસ્સેદારી સૌથી વધુ હતી. ૩૦+ અને ૯૦+ અશિષ્ટતા ની હિસ્સેદારી ઓડિશા રાજ્યમાં એકંદરે ઇન્ડસ્ટ્રી કરતા ઓછી હતી.

રિપોર્ટમાં લોન વહેંચણીના આંકડા અને બાકી રહેલા પોર્ટફોલિયો પ્રમાણે દેવાદારોને વહેંચણીનું પ્રથક્કરણ કરવામાં આવ્યું છે.  ૪૨% ઘરાકોને  ૩ કે તેથી વધારે લોન આપવામાં આવેલ છે. મોટાભાગના દેવાદારોને બેંકો અને એનબીએફસીઝ દ્વારા સમાવવામાં આવ્યા છે. ૧૦કે - ૫૦કે ના બાકી રહેલા પોર્ટફોલિયોમાં ૬૬% દેવાદારોનો સમાવેશ થાય છે. ૧૫% દેવાદારોનું બાકી લેણાનું પોર્ટફોલિયો રૂ ૫૦,૦૦૦ કરતા વધારે છે.

# સંક્ષેપાક્ષરો અને શબ્દાવલી

- એ.ટી.એસ (એવરેજ ટિકટ સાઈઝ) = વિતરણ કરેલી લોન / લોન ના આંકડા
- ડીપીડી = બાકી લેણાના દિવસો
- ચાલુ દેવાદારો અથવા દેવાદારો અથવા એક્ટિવ લોન્સ = ૦ થી ૧૭૯ ડીપીડી + નવા ખાતા + ચાલુ ખાતા
- એમ એફ આઈ = માઈક્રો ફાઇનાન્સ સંસ્થા
- પીઓએસ = બાકી પોર્ટફોલિયો
- યુટી = યુનિયન ટેરીટરી
- મહત્વાકાંક્ષી જિલ્લાઓ (એડી) - જિલ્લાઓની (હાલની સંખ્યા ૧૧૭ છે) નીતિ આયોગ / ભારત સરકાર દ્વારા સુધારા અને માનવ વિકાસ ઈન્ડેક્સ ને ઊંચું લાવવા માટે જાન્યુઆરી ૨૦૧૮ માં ઓળખવામાં આવ્યા છે કે જે માનવ સ્વાસ્થ્ય, પોષણ, ભણતર, કૃષિ અને જળ સંસાધનો, વિત્તીય સમાવેશન, કામગાર કુશળતા અને મૂળભૂત માળખું (ઇન્ફ્રાસ્ટ્રક્ટચર) ના સંયુક્ત સુચનનાંકોને આવરી લેવામાં આવ્યા છે.
- ૧ - ૧૭૯ = ૧ થી ૧૭૯ ડીપીડી / ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૧ - ૨૯ = ૧ થી ૨૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૩૦-૫૯ = ૩૦ થી ૫૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૬૦- ૮૯ = ૬૦ થી ૮૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૯૦- ૧૭૯ = ૯૦ થી ૧૭૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૩૦+ અશિષ્ટતા = ૩૦ થી ૧૭૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૯૦+ અશિષ્ટતા = ૯૦ થી ૧૭૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો

- એએમજે'૨૦ = એપ્રિલ ૨૦૨૦ થી જૂન ૨૦૨૦
- જેએએસ" ૨૦ = જુલાઈ ૨૦૨૦ થી સેપ્ટેમ્બર ૨૦૨૦

ઓએનડી' 20 = ઓક્ટોબર ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૦


- જેએફ એમ'૨૧ = જાન્યુઆરી ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૧
- એએમજે' ૨૧ = એપ્રિલ ૨૦૨૧ થી જૂન ૨૦૨૧



# માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીનું અવલોકન / ઝાંખી

# માઈક્રો ફાઇનૅન્સ ઇન્ડસ્ટ્રી
# ૩૦ જૂન ૨૦૨૧ ના રીજનો સ્નેપશોટ

| ૩૦ જૂન ૨૦૨૧ ના રોજનો સ્નેપશોટ | BANKS | SFBs | NBFC-MFIs | NBFCs | Not for profit MFIs | Total Industry |
|---|---|---|---|---|---|---|
| વિશિષ્ટએક્ટિવ) દેવાદારો ('૦૦૦) | 25,248 | 12,630 | 23,466 | 6,604 | 793 | 68,741 |
| એક્ટિવ લોન્સ ('૦૦૦) | 37,204 | 15,630 | 34,846 | 7,162 | 1,021 | 95,863 |
| પોર્ટફોલિયો (રૂકરોડમાં) | 95,674 | 35,345 | 72,856 | 16,140 | 2,045 | 222,060 |
| વિતરણ કરેલી લોન (રૂ કરોડમાં) એએમજે'૨૧ | 14,763 | 3,402 | 6,073 | 1,131 | 439 | 25,808 |
| એવરેજ ટિકટ સાઈઝ | 35,609 | 38,724 | 35,356 | 41,048 | 34,007 | 36,112 |
| ૩૦+ અશિષ્ટતા (પીઓએસ) | 17.15% | 22.95% | 10.67% | 14.30% | 3.26% | 16.54% |
| ૯૦+ અશિષ્ટતા (પીઓએસ) | 3.17% | 3.22% | 1.97% | 3.00% | 0.87% | 3.01% |




- ૩૦ જૂન ૨૦૨૧ ના રોજે માઈક્રો ફાયનાન્સ ઇન્ડસ્ટ્રીનો બાકી લેણાનો પોર્ટફોલિયો રૂ ૨૨૨,૦૬૦ કરોડ હતો જેમાં બેંકો અને એનબીએફસી- એમએફઆઈઝ નો હિસ્સો ૭૫% કરતા વધારે હતો
- એએમજે '૨૧ ના સમય ગાળામાં લોન  વિતરણ કરેલી રકમ રૂ ૨૫,૮૦૮ કરોડ હતી જેમાં બેન્કોનો ફાળો ૫૭% હતો અને  ૨૪% હિસ્સા સાથે બીજા નંબર પર એનબીએફસી- એમએફઆઈઝ હતી.
- એનબીએફસીઝની એવરેજ ટિકટ સાઈઝ ધિરાણ કરનારાઓમાં સૌથી ઉચ્ચ સ્તરે હતી અને તે ઇન્ડસ્ટ્રીની ટિકટ સાઈઝ કરતા પણ વધારે હતી.
- ૩૦+ અને ૯૦+ અશિષ્ટતામાં એનબીએફસી-એમએફઆઈઝ, એનબીએફસી અને નફો ન રળતી એમએફઆઈઝ નો હિસ્સો ઇન્ડસ્ટ્રીની અશિષ્ટતાની સરખામણીમાં  ઓછો હતો




Note : In MFI segment there are ~6 crore unique live borrowers. Difference in the unique number of customers is due to the customers having multiple relationships with SFBs, Banks, NBFC-MFIs, NBFCs and Not for Profit MFIs

**Portfolio Outstanding (`crore)**

| વિગત | જૂન' ૨૦ | સેપ્ટ' ૨૦ | ડીસે' ૨૦ | માર્ચ'૨૧ | જૂન' ૨૧ |
|---|---|---|---|---|---|
| **બેંક્સ** | 91,920 | 93,09 | 96,683 | 109,867 | 95,674 |
| **એસએફબીઝ** | 39,225 | 42,682 | 38,109 | 38,903 | 35,345 |
| એનબીએફસી-- એમએફઆઇઝ | 71,342 | 70,142 | 73,166 | 79,420 | 72,856 |
| એનબીએફસીઝ | 19,875 | 19,838 | 18,988 | 18,992 | 16,140 |
| નફો ન રળતી એમએફઆઇઝ | 1,842 | 1,772 | 1,872 | 2,095 | 2,045 |
| ઇન્ડસ્ટ્રીનો સરવાળો | 224,204 | 227,843 | 228,818 | 249,277 | 222,060 |
| ત્રિમાસિક વિકાસની % | - | 2% | 0% | 9% | -11% |

ધીરનારાઓ પ્રમાણે માર્કેટ હિસ્સાનું વલણ




- માર્ચ ૨૦૨૧ ની સામે જૂન ૨૦૨૧ માં પોર્ટફોલિયો ના બાકી લેણાંમાં ૧૧% નો ઘટાડો નોંધાયો છે.
- જૂન ૨૦૨૦ થી જૂન ૨૦૨૧ ના વર્ષાન્તરના સમયગાળામાં નફો ન રળતી માઈક્રો ફાઇનાન્સ સંસ્થાઓનો વિકાસ ૧૧% નોંધવામાં આવ્યો છે તેના પછીના ક્રમે બેન્કોનો વિકાસ ૪% નોંધવામાં આવ્યો છે.




# વિતરણના વલણો

# સંસ્થાઓ પ્રમાણે વિતરણના વલણો

લોન વિતરણના આંકડા (રૂ લાખમાં)

| દેણદારનો પ્રકાર | એએમજે' ૨૦ | જેએએસ '૨૦ | ઓએનડી' ૨૦ | જેએફએ મ'૨૧ | એએમજે' ૨૧ |
|---|---|---|---|---|---|
| બેંક્સ | 14 | 47 | 102 | 113 | 41 |
| એસએફબીઝ | 5 | 12 | 20 | 31 | 9 |
| એનબીએફસીઝ-- એમ એફ આઈઝ | 2 | 33 | 65 | 80 | 17 |
| એનબીએફસી | - | 5 | 8 | 11 | 3 |
| નફોન રળતી એમએફઆઈઝ | 2 | 2 | 2 | 3 | 1 |
| ઇન્ડસ્ટ્રીનો સરવાળો | 23 | 99 | 197 | 238 | 71 |





- એએમજે'૨૧ માં કુલ વિતરણ રૂ ૨૫,૮૦૮ કરોડ ના સ્તરે હતું જે વર્ષાન્તરે વેલ્યુ પ્રમાણે ૩૦૦% નો વધારો દર્શાવે છે અને એએમજે'૨૦ ની સરખામણીમાં એએમજે'૨૧ માં ૨૦૯% નો વધારો દર્શાવે છે.
- એએમજે;૨૧ માં વિતરણ પર મહામારીની બીજી લહેરની અસર જોવા મળેલ છે જો કે તેની અસર એએમજે'૨૦ જેટલી ગંભીર ન હતી.
- વિતરણ કરાયેલી રકમમાં મહત્તમ ફાળો બેન્કોનો હતો તે પછીના ક્રમે એનબીએફસી- એમ એફ આઈઝનોં નોંધવામાં આવ્યો છે.

# ઇન્ડસ્ટ્રીમાં ટિકટ સાઈઝના વલણો

નંબર ઓફ લોન વિતરણના આંકડા (લાખમાં)

| ટિકટ સાઈઝ | એએમજે'૨૦ | જેએએસ'૨૦ | ઓએનડી'૨૦ | જેએફએમ'૨૧ | એએમજે' ૨૧ | કુલ વૃધ્દ્રિ દર % |
|---|---|---|---|---|---|---|
| 0K - 10K | 2 | 4 | 34 | 19 | 8 | 300% |
| 10K - 20K | 10 | 15 | 20 | 19 | 7 | -30% |
| 20K - 30K | 2 | 19 | 33 | 40 | 12 | 500% |
| 30K - 40K | 3 | 24 | 44 | 60 | 17 | 467% |
| 40K - 50K | 2 | 18 | 29 | 38 | 11 | 450% |
| 50K - 60K | 2 | 10 | 18 | 28 | 8 | 300% |
| 60K | 2 | 9 | 19 | 34 | 8 | 300% |
| Total | 23 | 99 | 197 | 238 | 71 | 209% |
| ત્રિમાસિક લોન વિતરણમાં વૃદ્ધિ | - | 330% | 99% | 21% | -70% | - |
| ઓલ ઇન્ડિયા એટીએસ રૂ | 28,578 | 35,501 | 33,193 | 39,556 | 36,112 | - |
| ત્રિમાસિક એટીએસ વૃદ્ધિ દર % | - | 24% | -7% | 19% | -9% | - |




- સૌથી વધારે લોનનું વિતરણ ૩૦કે-૪૦કે ની ટિકટ સાઈઝ ની શ્રેણીમાં કરવામાં આવ્યું છે.
- એએમજે'૨૧ ના સમય ગાળા દરમ્યાન કોવિડની ભારે અસર ઇન્ડસ્ટ્રી પર જોવા મળેલ છે જેએફએમ'૨૧ ની સરખામણીમાં એએમજે'૨૧ ના સમય ગાળા દરમ્યાન ફક્ત ૩૦% લોન લેવામાં આવી હતી.
- જેએફએમ'૨૧ ની સરખામણીમાં એએમજે'૨૧ ના સમય ગાળા દરમ્યાન એટીએસ રૂ ૩૯,૫૫૬ થી ઘટીને ૩૬,૧૧૨ થઇ ગયી હતી





# ઇન્ડસ્ટ્રીમાં જોખમની રૂપરેખા

# અશિષ્ટતાના વલણો

બાકી લેણાંની અશિષ્ટતા

| ત્રિમાસિક રિપોર્ટ er | ૧-૨૯ દિવસ જુના બાકી લેણાં | ૩૦-૫૯ દિવસ જુના બાકી લેણાં | ૬૦-૮૯ દિવસ જુના બાકી લેણાં | ૯૦-૧૭૯ દિવસ જુના બાકી લેણાં | ૧-૧૭૯ દિવસના જુના બાકી લેણાં |
|---|---|---|---|---|---|
| જૂન'૨૦ | 1.30% | 1.03% | 0.43% | 0.43% | 3.19% |
| સેપ્ટ'૨૦ | 15.35% | 3.47% | 0.39% | 0.63% | 19.84% |
| ડિસે'૨૦ | 7.50% | 4.73% | 3.49% | 4.96% | 20.68% |
| માર્ચ'૨૧ | 4.55% | 2.90% | 2.01% | 4.12% | 13.58% |
| જૂન'૨૧ | 14.90% | 10.14% | 3.38% | 3.01% | 31.43% |

## બાકી લેણાંની અશિષ્ટતા દિવસોમાં





- માર્ચ'૨૧ ની સામે જૂન'૨૧ માં ૧-૧૭૯ દિવસ જુના બાકી લેણાંમાં ની અશિષ્ટતા ૧૩.૫૯ %.થી વધીને ૩૧.૪૪% નોંધવામાં આવી છે.
- ૯૦-૧૭૯ દિવસ જુના બાકી લેણાં સિવાય દરેક સ્તરે માર્ચ'૨૧ ની સરખામણીમાં જૂન'૨૧ માં બાકી લેણાંની અશિષ્ટતા જોવા મળેલ છે.

Delinquencies calculated basis POS




# ભૌગોલિક સંપર્ક

## રાજ્યો / સંઘ પ્રદેશ પ્રમાણે 30 જૂન ૨૦૨૧ માં રોજે બાકી લેણાનો પોર્ટફોલિયો




- પોર્ટફોલિયોના બાકી લેણાંમાં પશ્ચિમ બંગાળ રુ ૩૧,૦૨૪ કરોડના બાકી લેણાં સાથે સૌથી મોખરે છે, ૩૦ જૂન ૨૦૨૧ ના રોજે પોર્ટફોલિયોના બાકી લેણાંમાં તેનો હિસ્સો ૧૪% જેટલો છે.
- પોર્ટફોલિયોના બાકી લેણાંમાં ૧૦ રાજ્યોની હિસ્સેદારી ૮૦% કરતા વધારે છે.
- ૩૦ જૂન ૨૦૨૧ ના રોજે પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, બિહાર, કર્ણાટક અને ઉત્તરપ્રદેશ આ ૫ રાજ્યો મોખરે છે.

## રાજ્યો / સંઘ પ્રદેશ પ્રમાણે ૩૦ જૂન ૨૦૨૧ માં રોજે બાકી લેણાંની ૯૦+ ની અશિષ્ટતા




- જૂન ૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન, પશ્ચિમ બંગાળની ૯૦+ ની અશિષ્ટતા ૫.૧૫% હતી જે ઇન્ડસ્ટ્રીમાં સૌથી વધારે હતી.
- જૂન ૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન, બાકીના ૪ મોખરાના રાજ્યોની ૯૦+ ની અશિષ્ટતા ઇન્ડસ્ટ્રીની અશિષ્ટતા કરતા ઓછી હતી જે નીચે પ્રમાણે વર્ણવવામાં આવેલ છે :
  તામિલનાડુ - ૨.૬૨%
  બિહાર - ૧.૭૬%
  કર્ણાટક - ૧.૮૩%
  ઉત્તરપ્રદેશ - ૧.૦૮%

EQUIFAX

sidbi




# લેણદારોની વહેંચણી

# લોનના આંકડા પ્રમાણે દેણદારોનું વર્ગીકરણ

લોનના આંકડા પ્રમાણે હયાત / ચાલુ દેણદારો

| લેણદારનો પ્રકાર | ૧ લોન વાળા ગ્રાહક (આંકડા '૦૦૦ માં) | ૨ લોન વાળા ગ્રાહક (આંકડા '૦૦૦ માં) | ૩ કે તેથી વધુ લોન વાળા ગ્રાહક (આંકડા '૦૦૦ માં) |
|---|---|---|---|
| બેંક્સ | 8,533 | 3,921 | 12,794 |
| એસએફબીઝ | 4,992 | 2,842 | 4,796 |
| એનબીએફસીઝ-એમએફઆઇઝ | 3,889 | 1,579 | 1,136 |
| એનબીએફસીઝ | 8,458 | 5,245 | 9,763 |
| નફો ન રળતી એમએફઆઇઝ | 316 | 153 | 324 |
| સરવાળો | 26,188 | 13,740 | 28,813 |





- ૪૨% ધરાકો ૩ કે તેથી વધુ લોન ધરાવે છે.
- મહત્તમ ગ્રાહકોને બેંક્સ અને એનબીએફસીઝ દ્વારા લોન પુરી પાડવામાં આવેલ છે.

# બાકી રહેલ પોર્ટફોલિયો પ્રમાણે દેણદારોનું વર્ગીકરણ

હયાત/ચાલુ દેવાદારો પ્રમાણે દેણદારોનું વર્ગીકરણ

| Lender Type | <10K | 10K-25K | 25K-50K | >=50K |
|---|---|---|---|---|
| બેંક્સ | 4,889 | 8,185 | 6,714 | 5,460 |
| એસએફબીઝ | 2,184 | 4,338 | 4,855 | 1,254 |
| એનબીએફસીઝ- એમ એફ આઇઝ | 1,379 | 2,540 | 2,337 | 348 |
| એનબીએફસી | 4,355 | 8,115 | 7,778 | 3,218 |
| નફોન રળતી એમએફઆઇઝ | 192 | 280 | 220 | 100 |
| સરવાળો | 12,999 | 23,458 | 21,904 | 10,380 |





- બાકી દેણદારોના પોર્ટફોલિયોમાં ૬૬% એવા છે જે ૧૦કે-૫૦કે ની સવલત ધરાવે છે.
- ૧૫% ડેન્ડ્રો એવા છે કે જેમનુ બાકી પોર્ટફોલિયો રૂ ૫૦,૦૦૦ કરતા વધારે છે.



# ઓડિશા રાજ્યનું વ્યાપક પ્રોફાઈલ

# ઓડિશા : રાજ્યની સ્થિતિ

| ૩૦ જૂન ૨૦૨૧ ના રોજે ઓડિશા રાજ્યની સ્થિતિ | બેંક્સ | એસએફબીઝ | એનબીએફસીઝ-એમ એફ આઈઝ | એનબીએફસી | નફોન રળતી એમએફઆઈઝ | ઇન્ડસ્ટ્રી |
|---|---|---|---|---|---|---|
| હયાત લોનો ('૦૦૦) | 2,773 | 553 | 2,379 | 316 | 9 | 6,030 |
| પોર્ટફોલિઓના બાકી લેણાં (રૂ કરોડ) | 5,880 | 1,169 | 5,285 | 748 | 14 | 13,096 |
| પોર્ટફોલિઓના બાકી લેણાંમાં બજારનો હિસ્સો | 45% | 9% | 40% | 6% | 0% | - |
| એએમજે'૨૧ માં વિતરણ કરેલી રકમ | 1,340 | 117 | 597 | 72 | 1 | 2,127 |
| એએમજે'૨૧ માં સરેરાંશ ટિકટ સાઈઝ (રૂ) | 31,360 | 31,846 | 37,340 | 43,021 | 35,000 | 33,188 |
| ૩૦+ અશિષ્ટતા (પીઓએસ) | 9.65% | 10.10% | 12.33% | 5.69% | 5.25% | 10.54% |
| ૯૦+ અશિષ્ટતા (પીઓએસ) | 2.06% | 2.73% | 2.83% | 1.54% | 1.91% | 2.40% |





- ૩૦ જૂન ૨૦૨૧ ના રોજે ઑડિશાનું બાકી લેણાનું પોર્ટફોલિયો રૂ ૧૩,૦૯૬ કરોડ હતું
- બાકી લેણાના પોર્ટફોલિયોમાં બેંકો અને એનબીએફસી-એમએફઆઇઝ નો માર્કેટનો હિસ્સો ૮૫% હતો
- એએમજે'૨૧ માં ઓડિશામાં કુલે રૂ ૨,૧૨૭ કરોડનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં મહત્તમ ફાળો બેન્કોનો હતો
- ૩૦+ અને ૯૦+ અશિષ્ટતા ઓડિશામાં ઇન્ડસ્ટ્રીની સરેરાંશ ના પ્રમાણમાં ઓછી હતી.
- એનબીએફસીઝની ૯૦+ અશિષ્ટતા ઓડિશામાં તમામ ધિરાણકર્તાઓમાં ઓછી હતી અને તે ઑડિશાની ૯૦+ અશિષ્ટતા કરતા ઓછી હતી.

## એવરેજ ટિકટ સાઈઝના વલણ: ઓડિશા

**એવરેજ ટિકટ સાઈઝના વલણ**


| ટિકટ સાઈઝ | એએમજે'૨૦ | જેએએસ'૨૦ | ઓએનડી'૨૦ | જેએફએમ'૨૧ | એએમજે' ૨૧ | વર્ષાન્તરે વિકાસ દર |
|---|---|---|---|---|---|---|
| **બેંક્સ** | 23,801 | 32,555 | 24,430 | 32,351 | 31,360 | 32% |
| એસએ ફ્બીઝ | 36,113 | 29,472 | 32,570 | 30,029 | 31,846 | -12% |
| એનબીએફસીઝ- એમ એફ આઈઝ | 37,991 | 34,814 | 32,603 | 33,818 | 37,340 | -2% |
| **એનબીએફસીઝ** | 20,570 | 37,604 | 41,355 | 41,982 | 43,021 | 109% |
| નફ્રીન રળતી એમએફઆઈઝ | 16,875 | 29,959 | 31,064 | 29,893 | 35,000 | 107% |
| ઓડિશા | 25,634 | 33,598 | 28,070 | 32,995 | 33,188 | 29% |




- એએમજે'૨૦ ની સામે એએમજે'૨૧ માં ઓડીશાએ એવરેજ ટિકટ સાઇઝમાં વર્ષાન્તરે એકંદર ૨૯% નો વિકાસ નોંધાવ્યો છે.
- એનબીએફસીઝની એવરેજ ટિકટ સાઇઝ ઓડિશામાં ઉચ્ચતમ સ્તરે હતી તે પછીના ક્રમે એનબીએફસીઝ- એમએફઆઇઝ આવેલ છે.
- એએમજે'૨૦ ની સામે એએમજે'૨૧ માં એનબીએફસીઝે વર્ષાન્તરે ૧૦૯% નો વિકાસ નોંધાવ્યો છે, તે પછીના ક્રમે નફ્રો ન રળતી એમએફઆઇઝનો હિસ્સો ૧૦૭% નોંધવામાં આવ્યો છે.

# પોર્ટફોલિયો ના વલણો: ઓડિશા


| વિગત | જૂન'૨૦ | સેપ્ટે '૨૦ | ડિસે'૨૦ | માર્ચ'૨૧ | જૂન'૨૧ |
|---|---|---|---|---|---|
| બેંક્સ | 5,433 | 5,280 | 5,403 | 6,242 | 5,880 |
| એસએફબીઝ | 1,120 | 1,153 | 1,179 | 1,283 | 1,169 |
| એનબીએફસીઝ- એમ એફ આઇઝ | 5,125 | 5,342 | 5,617 | 5,793 | 5,285 |
| એનબીએફસીઝ | 752 | 771 | 801 | 840 | 748 |
| નફોન રળતી એમએફઆઇઝ | 16 | 11 | 28 | 20 | 14 |
| ઓડિશા | 12,446 | 12,557 | 13,028 | 14,178 | 13,096 |
| વર્ષાન્તરે વિકાસ દર | - | 1% | 4% | 9% | -8% |




- જૂન ૨૦૨૦ સામે જૂન ૨૦૨૧ માં ઓડિશાના બાકી લેણાના પોર્ટફોલિયોમાં ૫% નો વધારો જોવા મળેલ છે.
- બાકી લેણાના પોર્ટફોલિયોમાં બેન્કો ૪૦% કરતા વધારે ફાળા સાથે દરેક ત્રિમાસિકમાં અગ્રેસર રહી છે

## ઓડિશા : ૯૦+ અશિષ્ટતાના વલણો

| વિગત | જૂન'૨૦ | સેપ્ટ'૨૦ | ડિસે'૨૦ | માર્ચ'૨૧ | જૂન'૨૧ |
|---|---|---|---|---|---|
| બેંક્સ | 0.13% | 0.18% | 3.75% | 2.82% | 2.06% |
| એસએફબીઝ | 0.51% | 0.12% | 5.46% | 3.18% | 2.73% |
| એનબીએફસીઝ- એમ એફ આઇઝ | 0.73% | 0.89% | 9.49% | 3.12% | 2.83% |
| એનબીએફસીઝ | 0.33% | 0.09% | 2.48% | 3.81% | 1.54% |
| નફો ન રળતી એમએફઆઇઝ | 0.25% | 1.03% | 1.56% | 3.28% | 1.91% |
| ઓડિશા | 0.42% | 0.47% | 6.30% | 3.03% | 2.40% |




- ૯૦+ અશિષ્ટતાની વાત કરીએ તો માર્ચ ૨૦૨૧ ના ૩.૦૩% ની સામે જૂન ૨૦૨૧ માં ઓડિશામાં એકંદરે તે ઘટીને ૨.૪૦% થયેલ છે.
- માર્ચ ૨૦૨૧ ની સામે જૂન ૨૦૨૧ માં ૯૦+ અશિષ્ટતામાં દરેક ધિરાણ કરનારાઓની શ્રેણીમાં તેમાં ઘટાડો નોંધાયેલ છે.
- બેંક્સ, એનબીએફસીઝ અને નફો ન રળતી એમએફઆઇઝે તેમની અશિષ્ટતાને ખુબ જ સારી રીતે વ્યવસ્થિત કરેલ છે. તેમની ૯૦+ અશિષ્ટતા ઓડિશાની અશિષ્ટતા કરતા નીચી છે.

Delinquencies calculated basis POS

EQUIFAX

sidbi




# મહત્વાકાંક્ષી જિલ્લાઓ

# મહત્વાકાંક્ષી જિલ્લાઓ - જૂન ૨૦૨૧ ના રોજે અવલોકન


| મહત્વાકાંક્ષી જિલ્લાઓના વિકાસની વિગત | ડિસેમ્બર ૨૦૧૭ | જૂન ૨૦૨૧ | વિકાસનો દર |
|---|---|---|---|
| સક્રિય ગ્રાહકોની પહોંચ ('૦૦૦) | 4,155 | 8,143 | 96% |
| વિતરણ કરેલી રકમ (રૂ કરોડ) | 14,374* | 30,582** | 113% |
| સક્રિય લોન્સ (;૦૦૦) | 6,925 | 12,730 | 84% |
| બાકી લેણાં (રૂ કરોડ) | 11,175 | 28,737 | 157% |
| ૩૦+ ની અશિષ્ટતા | 1.54% | 11.80% | - |
| ૯૦+ ની અશિષ્ટતા | 0.75% | 2.36% | - |

**પોર્ટફોલિયો (રૂકરોડ)**

**વિતરણ કરેલી રકમ (રૂ કરોડ) જુલાઈ'૨૦ થી જૂન'૨૧**




**૩૦+ અને ૯૦+ ની અશિષ્ટતા પોર્ટફોલિઓના બાકી લેણાં ધિરાણ કરનારાઓ પ્રમાણે**




- ૩૦ જૂન ૨૦૨૧ ના રોજે મહત્વાકાંક્ષી જિલ્લાઓના પોર્ટફોલિયોના બાકી લેણાં રૂ ૨૮,૭૩૭ કરોડ ના સ્તરે છે, જેમાં બેન્કોનો હિસ્સો ૪૩% છે તે પછીના ક્રમે ૩૬% હિસ્સા સાથે એનબીએફસી-એમએફઆઇઝ આવે છે.
- ૯૦+ ની અશિષ્ટતામાં એનબીએફસી-એમએફઆઇ આવે છે તે પછીના ક્રમે એસએફબીઝ અને બેન્કોનો ક્રમ આવે છે.
- ડિસેમ્બર ૨૦૧૭ થી જૂન ૨૦૨૧ ના સમય ગાળા દરમ્યાન વિતરણ કરેલી રકમમાં ૧૧૩% અને બાકી લેણાંમાં ૧૫૭% નો વધારો નોંધવામાં આવ્યો છે.

*Disbursement January 2017 to December 2017
**Disbursement July 2020 to June 2021
Delinquencies are calculated basis POS

## સીડબી વિશે

ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેન્કની સ્થાપના પાર્લામેન્ટ માં કાયદો પસાર કરીને ૧૯૯૦ માં કરવામાં આવી હતી. સીડબીને મુખ્ય નાણાકીય સંસ્થા તરીકે સેવા કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે અને ત્રિપાંખિયા કાર્યસૂચિ પ્રમાણે સૂક્ષ્મ, નાના અને મધ્યમ (એમએસએમઈ સેક્ટર)એકમોના પ્રસાર, વિકાસ અને નાણાકીય સવલતો પુરી પાડવાની જવાબદારી સોંપવામાં આવી છે અને આવીજ સમાન કાર્યપ્રણાલી સાથે જોડાયેલી સંસ્થાઓ સાથે સંકલન કરવાનું કામ સોંપવામાં આવ્યું છે.  છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ નાણાકીય અને વિકાસના પગલાં લઈને બેંકે અનેક સ્તરે સમાજના લોકોના જીવનમાં ઉજાસ પાથર્યો છે, આખા એમએસએમઈ સ્પેક્ટ્રમ અને એકમો પર છાપ છોડી છે, એમએસએમઇ ઇકોસિસ્ટમની નામાંકિત સંસ્થાઓ સાથે જોડાયેલી રહી છે.

વિઝન ૨.૦ અંતર્ગત સીડબીએ એમએસએમઈ સેક્ટરના ઉત્થાન અને ચળવળમાં અગ્રણી ભૂમિકા ભજવી છે અને એમએસએમઈ સેક્ટરની અસમપ્રમાણતા માટે એમએસએમઈ પલ્સ, એમએસએમઈના સ્વાસ્થ્યની દેખરેખ માટે એમએસએમઈઝ અને ક્રિસિડેક્સ, એમએસઇના  સેન્ટિમેન્ટ્સ અને મહત્વાકાંક્ષાઓની માપણી માટે, ઇન્ડસ્ટ્રી સ્પોટલાઈટ, એક સમાવેશી રિપોર્ટ  ઇન્ડસ્ટ્રીના ધિરાણ કરનારાઓ માટે ફિનટેક પલ્સ અને  એમએસએમઈ પલ્સ સિવાય જમા રાશિની આંતરિક બાબતો જેવીકે ફિનટેક ધિરાણ પ્રભાગ જેવી પહેલ કરેલ છે..

## માઈક્રો ફાઇનાન્સમાં સીડબીનું મહત્વ

સીડબીએ માઇક્રો ફાઇનાન્સ ચળવળના  ઉત્થાન અને સમાવેશી ફાઇનાન્સ ની યોજનાને આગળ ધપાવવાંમાં અગ્રણી ભૂમિકા ભજવી છે. બેંકો દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૧ સુધીમાં માઇક્રો ફાઇનાન્સ સંચિત સહાયની પહેલના  ભાગરૂપે કુલ રૂ ૨૦,૫૬૮ કરોડનું વિતરણ કરેલ છે જેના વડે અંદાજે ૪ કરોડ એકમોને લાભ મળ્યો છે. એમએફઆઇઝને મૂડી અને દેવાની સહાય આ સંસ્થાઓને આપવામાં આવતા કેપેસીટી બનાવવા અને વધારવા માટેનો મદદ કરવી, કોર્પોરેટ આધારિત સંચાલન અને અનુપાલન જેવી વિચારણાઓને આત્મસાત કરવામાં આવી છે. આના સિવાય માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીને હાથ પકડીને તેની નાજુક શરૂઆતની અવસ્થામાંથી એક સંપૂર્ણ ઇન્ડસ્ટ્રી તરીકે વિકસાવવા અને પરાકાષ્ઠા સુધી પહોંચાડવામાં અમારા ૮ મહત્વના ભાગીદારો છે જેમાં એમએફઆઇઝ એસએફબીઝ / યુનિવરસલ બેન્કોનો મહત્વનો ફાળો છે. અગત્યની ભૂમિકાની શરૂઆતના ભાગરૂપે નાની નાની લોનો અને સૂક્ષ્મ ધિરાણ સીધે સીધું સીડબી દ્વારા ( ભાગીદારી વ્યવસ્થા થકી ) માર્કર રેટ કરતા ઘણા નીચા વ્યાજ દરે સીડબી દ્વારા પૂરું પાડવામાં આવે છે. આવા પ્રયાસોના ભાગરૂપે પિરામિડના નીચલા સ્તરના એકમોને બેંકો દ્વારા નાની ટિકટ સાઈઝની ૫૦,૦૦૦ થી લઈને ૫,૦૦,૦૦૦ લાખ સુધીની લોન પાર્ટનરશીપ મોડેલના  ઓથા હેઠળ બજારના દરો કરતા પ્રમાણમાં નીચા દરે પુરી પાડવામાં આવે છે.

.

## ઇક્વિફેક્સ વિશે

ઇક્વિફેક્સ એક વૈશ્વિક, માહિતીના ઉકેલ આપતી કંપની છે જે આધારભૂત માહિતી નું આગવીરીતે  પ્રથથકરણ કરે છે અને સંસ્થાઓને અને વ્યક્તિગતોને આખી દુનિયામાં તકનીક અને કુશળતા પુરી પાડે છે, તેઓ જાણકારી અને આંતરદ્રષ્ટિ વડે વ્યવસાયના નિર્ણયો લેવામાં વધારે માહિતગાર કરે છે.

ઇક્વિફેક્સનું હેડક્વાટર એટલાન્ટામાં આવેલું છે તેઓ નોર્થ અમેરિકાના, સેન્ટ્રલ અને સાઉથ અમેરિકા, યુરોપ અને એશિયા અને પેસિફિક વિસ્તારના ૨૪ દેશોમાં કામ કરે છે અને નિવેશ કરે છે. તેઓ સ્ટાન્ડર્ડ અને પૂઅર્સ (એસ એન્ડ પી ) ૫૦૦ ના સદસ્ય છે અને આના સંયુક્ત શેરનું ઈએફએક્સ ના નામ હેઠળ  ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ પર ખરીદ વેચાણ થાય છે. ઇક્વિફેક્સમાં વૈશ્વિક સ્તરે ૧૧,૦૦૦ કર્મચારીઓ કામ કરે છે, તેમનો ધિરાણમાં ૧૨૦ વર્ષ કરતા વધારે સમયનો વારસો છે, વર્ષ ૨૦૧૦ માં ઇક્વિફેક્સ એ ભારતના બઝારમાં પોતાની નોંધ લેવડાવી હતી અને આરબીઆઇએ તેઓને સીઆઈસી તરીકે કામ કરવાનું લાયસન્સ આપ્યું હતું. છેલ્લા ૯ વર્ષોમાં ક્રેડિટ બ્યુરોમાં ૪૦૦૦ કરતા વધારે સભ્યો નોંધાયા છે જેમાં બેન્ક, એનબીએફસીઝ એમએફઆઇઝ અને વીમા કરનારાઓનો સમાવેશ થાય છે. આ સભ્યો લાખો ભારતીય ઉપભોક્તાઓની પેસા પરત કરવાની  ટેવોની માહિતી પુરી પાડે છે. વર્ષ ૨૦૧૪ માં ઇક્વિફેક્સએ વધારે આગળ વધીને ઇક્વિફેક્સ એનાલિટિક પ્રાઇવેટ લિ નું સંપાદન કરીને પગરણ માંડ્યા છે, ઇક્વિફેક્સ એનાલિટિક તે ઇક્વિફેક્સની  સંપૂર્ણ માલીકીનું અને વિશ્લેષણ કરતુ એકમ છે જે અતુલ્ય અને વૈવિધ્યસભર માહિતીનું પ્રથથકરણ આપે છે જેના લીધે વ્યવસાયના પ્રદર્શન અને ઉપભોક્તાની જીવનશેલીમાં સમૃદ્ધિ આવે છે.

## અસ્વીકરણ

માઈક્રો ફાઇનાન્સ પલ્સ નો (રિપોર્ટ) ઇકવીફેક્સ ક્રેડિટ ઇન્ફોરમેશન સર્વિસેસ પ્રાઇવેટ લી,  (ઇક્વિફેક્સ) દ્વારા ઉપલબ્ધ માહિતીના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. જે ઉપભોક્તા આ માહિતીને સ્વીકારે છે અને ઉપયોગમાં લે છે તે આ અસ્વીકરણ થી બંધાયેલા છે. આ રિપોર્ટ માર્ચ ૨૦૨૧ ના દિવસે સભાસદ સંસ્થાઓ દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતીના આધારે ઇકવીફેક્સ દ્વારા તૈયાર  કરવાં આવ્યો છે અત્રે એ ઉમેરવું નિહાયત જરૂરી છે કે રિપોર્ટ બનાવતી વખતે ઇકવીફેક્સ પૂરતી કાળજી લે છે, તે આંકડાની ચોકસાઇ, ભૂલો અને અવગણના માટે અને માઈક્રો ફાઇનાન્સ સંસ્થાઓ દ્વારા પુરી પાડવામાં આવેલી અધૂરી અને અપૂરતી માહિતી માટે જવાબદાર ન ઠેરવી શકાય. વધુમાં ઇકવીફેક્સ રિપોર્ટમાં વર્ણવેલી માહિતીની પર્યાપ્તતા અને સંપૂર્ણતા માટે અથવા કોઈ વિશિષ્ટ હેતુના ઉપયોગ માટે સ્પષ્ટ રીતે જવાબદાર ના ઠેરવી શકાય. ઇકવીફેક્સના આ રિપોર્ટના  આધારે  કોઈ પણ રીતે કોઈ પણ પ્રકારની અરજીની અસ્વીકૃતિ માટેની ભલામણ / સ્વીકરણ / અવગણના માટે માહિતીના આધારે, જવાબદાર ગણી શકાશે નહિ.  (૧) કોઈ પણ ધિરાણ કરવું કે ન કરવું અને (૨) લાગતાં વળગતા વ્યક્તિ કે સંસ્થા સાથે કોઈ પણ નાણાકીય વ્યવહાર કરવો કે ન કરવો તેની ભલામણ માટે નથી. આ રિપોર્ટમાં આવરી લેવામાં આવેલી માહિતી કોઇ પણ પ્રકારની સલાહ નથી, ઉપયોગકર્તાએ આ માહિતીના આધારે નિર્ણય લેતા પહેલા પોતાની જાતે માહિતીનું પ્રથથકરણ પોતાની સમજદારી પ્રમાણે કરવું આ રિપોર્ટનું સંચાલન ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ અધિનિયમ (નિયમન) ૨૦૦૫, ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ અધિનિયમ ૨૦૦૬, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ  રૂલ્સ  ૨૦૦૬. પૂર્વ પરવાનગી વિના આ રિપોર્ટનો કોઈ પણ અંશ / ભાગ પ્રસારિત કે પ્રકાશિત કરી શકાશે નહીં આ રિપોર્ટનું સંચાલન ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ અધિનિયમ (નિયમન) ૨૦૦૫, ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ  અધિનિયમ ૨૦૦૬, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ  ૨૦૦૬. પૂર્વ પરવાનગી વિના આ રિપોર્ટનો કોઈ પણ અંશ / ભાગ પ્રસારિત કે પ્રકાશિત કરી શકાશે નહીં

## સમ્પર્કમાટેની માહિતી

ઇકવીફેક્સ ક્રેડિટ ઇન્ફર્મેશન સર્વિસીઝ પ્રાઇવેટ લિ.
યુનિટ નં, ૯૩૧, ત્રીજો માળ, બિલ્ડીંગ નં ૯,
સોલિટેર કોર્પોરેટ પાર્ક, અંધેરી ઘાટકોપર લિંક રોડ,
અંધેરી (પૂર્વ) મુંબઇ - ૪૦૦ ૦૯૩
ટોલ ફ્રી નં : ૧૮૦૦ ૨૦૯૩૨૪૭
ecissupport@equifax.com

ભારતીય લઘુ ઉધોગ વિકાસ બેન્ક
સ્વાવલંબન ભવન, પ્લોટ નં. સી -૧૧, 'જી ' બ્લોક,
બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ)
મુંબઇ -  ૪૦૦ ૦૫૧ મહારાષ્ટ્ર
ટોલ ફ્રી નં : ૧૮૦૦ ૨૨૬૭૫૩
www.sidbi.in/en

Copyright © 2021, Equifax Inc., Atlanta, Georgia. All rights reserved. Equifax is a registered trademarks of Equifax Inc.